SRISTI

તારીખઃ ૦૯-૧૧-૨૦૧૪

પ્રતિ,

સિક્યુરીટી કોન્ટ્રાક્ટર

**વિષયઃ વીસરાતી વાનગીઓના સાત્ત્વિક મહોત્સવમાં સિક્યુરીટી/સુરક્ષા કોન્ટ્રાક્ટ આપવા બાબતે**

**તારીખઃ ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૧૪**

**સ્થળઃ આઇઆઇએમ ન્યુ કેમ્પસ, વસ્ત્રાપુર, અમદાવાદ-૧૫**

**ક્વોટેશન મોકલવાની છેલ્લી તારીખઃ ૩૦ નવેમ્બર, ૨૦૧૪**

સૃષ્ટિ એક ચેરીટેબલ ટ્રસ્ટ છે. જે છેલ્લા ૧૧ વર્ષથી આઇઆઇએમ અમદાવાદમાં વીસરાતી વાનગીઓના મહોત્સવનું નિરંતર આયોજન કરે છે. ચાલુ વર્ષે પણ ૨૦-૨૧-૨૨ ડિસેમ્બર, ૨૦૧૪ના રોજ આઇઆઇએમના નવા કેમ્પસમાં આયોજન કરેલ છે. જેમાં શહેરના જાણીતા અને અનુભવી સિક્યુરીટી કોન્ટ્રાક્ટર પાસેથી ભાવની દરખાસ્ત મંગાવીએ છીએ.

૧. તમામ દરખાસ્તો/ક્વોટેશન ૩૦ નવેમ્બર, ૨૦૧૪ સુધીમાં સૃષ્ટિમાં સીલબંધ કવરમાં જમા કરાવવાના રહેશે. કવરની ઉપર “સિક્યુરીટી કોન્ટ્રાક્ટ” એમ લખવું. કવરની ઉપર પોતાનું નામ, સરનામુ અને ઇમેઇલ આઇડી પણ લખવું જેથી સંપર્ક કરી શકાય.

૨. આવેલ તમામ દરખાસ્તોને સૃષ્ટિ દ્વારા નિયુક્ત સમિતિ સમક્ષ ખોલવામાં આવશે. જેમાં સૌથી ઓછો ભાવ હશે તેવા છેલ્લા પાંચને સૃષ્ટિ દ્વારા નિયુક્ત સમિતિ સમક્ષ રીવર્સ ક્વોટેશન માટે તક આપવામાં આવશે. જે તે કેટેગરીમાં સૌથી ઓછો ભાવ હશે તે ભાવ રીવર્સ ક્વોટેશન વખતે જે તે કોન્ટ્રાક્ટરને જણાવવામાં આવશે. રીવર્સ ક્વોટેશન બાદ જે કોન્ટ્રાક્ટર પ્રથમ, દ્વિતીય અને તૃતિય ક્રમે આવશે તેઓને સૃષ્ટિ દ્વારા નિયત સમિતિ દ્વારા ચર્ચા કરી કામ આપવામાં આવશે.

૩. છેલ્લા ત્રણ કોન્ટ્રાક્ટર સિવાય અન્ય કોઇને (કે જેમના ભાવ ઉંચા હશે તેઓને) ચર્ચા માટે આમંત્રણ આપવામાં આવશે નહીં. આથી જરૂરી છે કે જે ભાવે આ કામ કરી શકો તે વ્યાજબી ભાવ જ ભરવા વિનંતી છે.

૪. કોન્ટ્રાક્ટરે પ્રતિષ્ઠિત કંપનીઓ અને સંસ્થાઓમાં કરેલ કામનો અનુભવ પણ રીવર્સ ક્વોટેશન દરમિયાન સમિતિ વિચારણામાં લેશે. જરૂરી નથી કે સૌથી ઓછો ભાવ હોય તેને જ કામ મળે. સિક્યુરીટી સ્ટાફની ઉંમર અને સ્ફુર્તીને પણ ધ્યાનમાં લેવામાં આવશે.

૫. સાત્ત્વિક મહોત્સવના સુચારૂ આયોજન અને વ્યવસ્થા અંગે આયોજક તરફથી મળતી તમામ સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

૬. જે કોન્ટ્રાક્ટરને કામ મળે તે અન્ય કોઇને સબકોન્ટ્રાક્ટ આપી શકશે નહિ.

૭. દરેક સુરક્ષાકર્મી ડ્રેસમાં હોય, ગળામાં આઇકાર્ડ લટકતું હોય, હાથમાં બેટન/ડંડો હોય તે જરૂરી છે.

૮. મેઇન ગેટ ઉપર મેટલ ડિટેક્ટર લગાવવાના રહેશે. એન્ટ્રી ગેટ ઉપરના સુરક્ષાકર્મીના હાથમાં હેન્ડ મેટલ ડિટેક્ટર હોવું ફરજીયાત છે.

૯. એન્ટ્રિ ગેટ ઉપર કુપન તપાસવાની જવાબદારી સિક્યુરીટીની હશે. આ માટે આયોજક સંસ્થા તરફથી જરૂરી માર્ગદર્શન પૂરુ પાડવામાં આવશે.

૧૦. ૫૦ વર્ષથી વધુ ઉંમરના અથવા અશક્ત કે વૃદ્ધ સુરક્ષાકર્મી સ્વીકાર્ય નથી. આવા સુરક્ષાકર્મીને સાત્ત્વિક મહોત્સવમાં આયોજક તરફથી ડ્યુટી નિભાવવા દેવામાં આવશે નહીં કે ગણતરીમાં લેવામાં આવશે નહીં.

૧૧. મોબાઇલ, પર્સ કે રોકડ ચોરી રોકવા માટે દરેક સુરક્ષાકર્મી એલર્ટ રહે તે ઇચ્છનીય છે. શંકાસ્પદ લોકો ઉપર નજર રાખે અને તરત આયોજકનું ધ્યાન દોરે તે જરૂરી છે.

૧૨. કોઇપણ કટોકટી કે અવ્યવસ્થાની ક્ષણે સિક્યુરીટી ગાર્ડ ઉપરાંત સિક્યુરીટીના ઇન્ચાર્જ સુપરવાઇઝરે નેતૃત્વ પ્રદાન કરવાનું રહેશે. કોઇપણ અંધાધુંધી ન સર્જાય તે જોવાની જવાબદારી કોન્ટ્રાક્ટર અને સુપરવાઇઝરની છે.

૧૩. મેઇન ગેટ ઉપર પાર્કિંગ વ્યવસ્થા, ટ્રાફિક નિયમન, કેશ કાઉન્ટર ઉપર સુરક્ષા, કુપન ચેકીંગ વગેરે કામોમાં સિક્યુરીટીના કોન્ટ્રાક્ટરે આયોજક સાથે મળી પોતાની ભૂમિકા ભજવવાની રહેશે. કોન્ટ્રાકટરે પોતાના પ્રતિભાવો કે જરૂરીયાત આયોજક સાથે ચર્ચા કરી તુરંત ઘટતુ કરવાનું રહેશે.

૧૪. ઉપરના તમામ નિયમો મેં વાંચ્યા છે, સમજ્યા છે તે પછી જ આ કોન્ટ્રાક્ટનું ફોર્મ હું ભરી રહ્યો છું. તે બાબતની હું ખાતરી આપુ છું.

૧૫. તમામ કર્મચારીઓના નામ અને સરનામાં આયોજક સંસ્થાને આપવાના રહેશે. આ તમામ કર્મચારીઓના ગળામાં જે-તે કોન્ટ્રાક્ટરનું ઓળખ પત્ર લટકતું હોય તે ફરજીયાત છે.

૧૬. આવેલ તમામ ક્વોટેશનો રદ્દ કરવાની સત્તા સૃષ્ટિ સંસ્થા પોતાના હસ્તક અબાધીત રાખે છે.

આયોજક તરફથી મળતી સૂચનાઓનું પાલન કોન્ટ્રાક્ટરે કરવું અનિવાર્ય છે.

સેક્રેટરી, સૃષ્ટિ | કોન્ટ્રાક્ટરની સહી

**સિક્યુરિટી/સુરક્ષા કોન્ટ્રાક્ટરે નીચેની વિગતો પોતાના લેટરહેડમાં લખી મોકલવી.**

**તારીખ:.................................**

**કોન્ટ્રાક્ટરનું નામ** : ..........................................................................................

**કોન્ટ્રાક્ટરનું પુરુ સરનામુ** : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

**ફર્મનું નામ / રજીસ્ટ્રેશન નંબર** : ..........................................................................................

**પાન નંબર** : ..........................................................................................

**પૂરુ સરનામુ** : ..........................................................................................

..........................................................................................

..........................................................................................

**ફોન/મોબાઇલ નંબર** : ..........................................................................................

**૮ કલાકના પ્રતિ સિક્યુરિટીનો ભાવ:** ..........................................................................................

**૮ કલાકના પ્રતિ સુપરવાઈઝરનો ભાવ:** ..........................................................................................

**૮ કલાકના પ્રતિ બાઉન્સરનો ભાવ:** ..........................................................................................

**મેટલડોરનો ભાવ:**............................................. **પ્રતિ હેન્ડ મેટલ ડિટેક્ટર**.........................................................

**સર્વિસ ચાર્જ અથવા ટેક્સ :**..........................................................................................

**અન્ય નોંધ:**..........................................................................................

**તારીખઃ** **કોન્ટ્રાક્ટરની સહી અને સિક્કો**

---

**ક્વોટેશન મોકલવાનું સરનામુઃ** સૃષ્ટિ, AES બૉયઝ હોસ્ટેલ કેમ્પસમાં, ગુજરાત યુનિવર્સિટી લાયબ્રેરી અને સ્ટેટ બેંક નજીક, નગરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯, ફોન. ૦૭૯- ૨૭૯૧ ૩૨૯૩, ૨૭૯૧ ૨૭૯૨, મો. ૯૮૨૫૦ ૬૧૧૩૯

Email: sattvik@sristi.org